| | |
|---|---|
| દાખલ તારીખ | ૨૧–૧૧–૨૦૧૫ |
| નોંધણી તારીખ | ૨૧–૧૧–૨૦૧૫ |
| ફેંસલ તારીખ | ૧૨–૦૧–૨૦૧૭. |
| સમયગાળો | વર્ષ:૦૧માસ:૦૧ દિવસ:૨૧ |

**મહેસાણાના બીજા એડીશનલ સેશન્સ જજશ્રીની કોર્ટ,**

**(એટઃ–વિસનગર)**

**સેસન્સ કેસ નં.૫૮/૨૦૧૫**

**આંકઃ–૧૪૮**

ફરીયાદીઃ– શ્રી સરકાર

**વિરૂદધ**

આરોપીઓઃ–(૧) કુલદીપસિહ S/O મહોબતસિહ રણછોડસિહ ચૌહાણ,
ઉ.વ.૨૬ રહે.જયવીર સોસાયટી સતલાસણા

(૨) ગજેન્દ્રસિહ S/O મદનસિહ વખતસિહ ચૌહાણ,
ઉ.વ.૨૩ રહે.દરબારગઢ ,સતલાસણા

(૩) સમ્રાટસિહ S/O પરબતસિંહ મોહનસિંહ ચૌહાણ,
ઉ.વ.૨૮ રહે.વઘાર સતલાસણા

(૪) નરેન્દ્રસિહ ઉર્ફે પિન્ટુસિંહ S/O બાબુસિહ ગંભીરસિંહ ચૌહાણ,
ઉ.વ.૩૦ રહે. નવાવાસ (રાજપુર) તા.સતલાસણા

(૫) ભુપેન્દ્રસિંહ ઉર્ફે બકુલસિંહ S/O વખતસિંહ તખતસિંહ ચૌહાણ,

ઉ.વ.૪૦ રહે. ટીમ્બા તા.સતલાસણા

(૬) ચેતનસિંહ s/o અર્જુનસિંહ કુંવરસિંહ ચૌહાણ,

ઉ.વ.૨૧ રહે. મોટા ખોટાસણ તા.સતલાસણા

(૭) મનીષકુમાર s/o મહેશભાઇ દોલાભાઇ ચૌધરી,

ઉ.વ.૨૮ રહે.શેષપુર તા.સતલાસણા

(૮) સુરેન્દ્રસિહ s/o અંદરસિંહ ચૌહાણ,

ઉ.વ.૨૧ રહે.ટીમ્બા તા.સતલાસણા

(૯) નીતેષ s/o ગીરીશભાઇ કાન્તીલાલ ચૌહાણ,

ઉ.વ.૨૪ રહે.વાવ તા.સતલાસણા

(૧૦) હરેશ ઉર્ફે લખન s/o રામચંદ્રભારથી ગોસ્વામી

ઉ.વ.૨૫ રહે.વાવ તા.સતલાસણા

(૧૧) વિરેન્દ્રસિંહ ઉર્ફે વીકી s/o શૈલેન્દ્રસિહ ચૌહાણ,

ઉ.વ.૨૦ રહે.દરબારગઢ તા.સતલાસણા

(૧૨) વિરેન્દ્રસિંહ ઉર્ફે કાળુભા s/o નટવરસિંહ ચૌહાણ,

ઉ.વ.૨૪ રહે. દરબારગઢ તા.સતલાસણા

(૧૩) ચૌહાણ ઇન્દ્રસિંહ નરેન્દ્રસિંહ,

ઉ.વ.૨૨ રહે. દરબારગઢ તા.સતલાસણા

(૧૪) ચૌહાણ યુવરાજસિંહ નટવરસિંહ,

ઉ.વ.૨૫ રહે. દરબારગઢ તા.સતલાસણા

ગુનોઃ- ઇ.પી.કો.કલમ-૧૨૦(બી) ૩૯૭, ૩૦૭, ૩૩૭, ૩૨૩ અને આઇ.ટી એકટની કલમ-૬૬(એ) તેમજ ૬૭ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબ...

---

સરકારશ્રી તર્ફે - વિ.એ.પી.પી.શ્રી આર.બી.દરજી

આરોપીઓ તર્ફે - વિ.વ.શ્રી એ.એસ.બારોટ

---

// ઠ રા વ //

(૧).. ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૨૭-૦૫-૧૫ ના રોજ આરોપી ચૌહાણ ગજેન્દ્રસિહ મદનસિહે મોબાઇલના ઝગડામાં પટેલોએ માર મારેલો જે બાબતે સતલાસણા પોલીસ સ્ટેશનમાં સે.ગુ.રનં.૪૬/૧૫ થી ગુનો રજીસ્ટર થયેલો.જેમાં આરોપીઓ તરીકે પટેલ હતા અને ઈજાપામનાર તરીકે આરોપી ગજેન્દ્રસિહ મદનસિહ હતા અને આરોપી ચૌહાણ યુવરજસિહ નટવરસિહ વિસનગર શહેર પોલીસ સ્ટેશનમાં લોકરક્ષક તરીકે ફરજ બજાવતા હતા અને આરોપી મનિષભાઇ મહેશભાઇ ચૌધરીનાએ પોતાના મોબાઇલ ફોન ઉપર મોજ ગૃપમાં જોડાયેલ સભ્યોને હાલના કેસના ફરીયાદી મુકેશભાઇ તથા સાહેદોને માર મારવા માટે ઈરાદાપુર્વકની ગેરકાયદેસર પ્રવૃતિ માટે કાવત્રુ રચવાના ઈરાદે ઉશ્કેરણીજનક તથા અશ્લીલ મેસેજો કરેલા જેથી આરોપીઓએ તા.૨૦/૫/૧૫ ના રોજ સવારના દસ વાગ્યાના સુમારે મોજે સતલાસણા ટાઉનમાં આવેલ ચેતના પાર્લર એચ.ડી.એફ.સી બેન્ક આગળ ખુલ્લી જગ્યાએ પટેલ રોહિતકુમાર અંબાલાલ તથા મનોજકુમાર બેચરભાઇ પટેલ આવેલ હતા અને ફરીયાદી પોતાનુ મોટરસાયકલ લઇ પોતાના મોટા ભાઇ ભરતભાઇ સાથે પસાર થતા હતા ત્યારે આરોપી કુલદિપસીહ મહોબતસીહે હાથમાં તલવાર,આરોપી સમ્રાટસિહ સન/ઓ પરબતસિહ હાથમાં તલવાર,આરોપી નરેન્દ્રસિહ ઉર્ફે પિન્ટુસિહ બાબુસિહના હાથમાં લોખંડની ઇંગલ અને આરોપી બકુલસિહ વખતસિહે હાથમાં લોખંડની ટોમી લઇ રોહીતકુમાર તેમજ મનોજકુમારની સાથે ઝગડો કરી માર મારેલ ત્યારે ફરીયાદી અને તેના ભાઇ આ મારમાંથી બચાવવા વચ્ચે પડતાં આરોપી કુલદિપસિહ મહોબતસિહે પોતાના હાથમાંની તલવારથી રોહિતકુમારને મારી નાખવાના ઈરાદે ગર્દન ઉપર મારવા જતાં તે ખસી જતાં

તેમના જમણા પગના ઢીંચણ ઉપર તલવારનો ઘા કરતાં તેમનો જમણો પગ ઢીંચણથી કપાઇ ગયેલ તેમજ આરોપી કુલદીપસિહ,ગજેન્દ્રસિહ મદનસિહ અને સમ્રાટસિહનાઓએ પણ પોતાની પાસેના હથિયારો વડે મનોજકુમારને નીચે પાડી બરડાના તથા પીઠના ભાગે માર મારેલ અને આરોપી બકુલસિહે તેના હાથમાંની ટોમી પટેલ મનોજકુમારના ડાબા હાથે મારેલી અને આરોપી ગજેન્દ્રસિહ મદનસિહે તેના હાથમાંની લોખંડની પાઇપ ફરીયાદીના માથાના પાછળના ભાગે મારેલી અને ફરીયાદીના ભાઇ ભરતભાઇને આરોપી નરેન્દ્રસિહ ઉર્ફે પિન્ટુસિહે તેના હાથમાંની ઇંગલથી બંને પગે તથા બંને હાથ ઉપર તથા બરડાના ભાગે માર મારેલ અને બિભત્સ ગાળો બોલી ફરીયાદીના ભાઇ ભરતભાઇ કરસનભાઇ પાસેથી આરોપી ગજેન્દ્રસિહે બાઇકની ચાવી અને સેમસંગ કંપનીનો મોબાઇલ કિ.રૂ.૩૦૦૦/- નો પડાવી લઇ ઇજા પામનારાઓને તેમજ ફરીયાદીને ગંભીર અને સાદી પ્રાણઘાતક ઇજાઓ પહોચાડી તેમજ આરોપી ચૌહાણ કેતનસિહ અર્જુનસિહે સાહેદ ભરતભાઇ કરસનભાઇને લાકડીથી અને આરોપી નિતેશભાઇ રાવળ,હરેશ ઉર્ફે રામચંદ્ર ભારથી ગોસ્વામીનાઓએ સાહેદ પટેલ મનોજભાઇને લાકડીથી બરડામાં માર મારી અને આરોપીઓએ છુટા પથ્થર મારી પ્રાણઘાતક હથિયારો સાથે ફરીયાદી અને સાહેદોને જાનથી મારી નાખવાના ઇરાદે હુમલો કરવા ગેરકાયદેસર મંડળી રચી ફરીયાદી અને સાહેદોને સાદી અને ગંભીર ઇજાઓ તેમજ મોત નીપજાવવાના ઇરાદે ઇજાઓ કરી ઇ.પી.કો.કલમ-૧૨૦(બી) ૩૯૭, ૩૦૭, ૩૩૭, ૩૨૩ અને આઇ.ટી એકટની કલમ-૬૬(એ) તેમજ ૬૭ મુજબનો અને બનાવ વખતે જીલ્લા મેજી.નુ જાહેરનામુ અમલમાં હોઇ તેનો ભંગ કરી જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબના ગુનાઓ કરેલ હોવાની ફરીયાદ ફરીયાદીએ પો.સ્ટે.ઓ. સતલાસણા પોલીસ સ્ટેશન રૂબરૂ આપતાં

ફરીયાદ હકીકત આધારે સતલાસણા પોલીસ સ્ટેશને ફ.ગુ.રજી. નં. ૨૮/૧૫ થી ઇ.પી.કો.કલમ–૧૨૦(બી) ૩૯૭, ૩૦૭, ૩૩૭, ૩૨૩ અને આઇ.ટી એકટની કલમ–૬૬(એ) તેમજ ૬૭ મુજબનો તેમજ જી.પી. એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો નોંધાયા બાદ આ કામના ત.ક.અમલદારશ્રીએ સદર ગુનાના કામે તપાસ કરી,લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઇ,આરોપીઓ સામે સબળ પુરાવો મળી આવતાં તેઓને અટક કરી,જરૂરી કાર્યવાહી કરી ઉપરોકત ગુના અંગેનુ ચાર્જસીટ સતલાસણાના જયુડી. મેજી. શ્રીની કોર્ટમાં તા.૨૪–૦૯–૧૫ના રોજ દાખલ કરેલ. જેનો ફોજદારી નં.૨૯૮/૧૫ આપવામાં આવેલો.

(૨).. ત્યારબાદ નીચેની કોર્ટના વિ. મેજી. શ્રીએ આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ મુજબ પોલીસ પેપર્સની તમામ નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલી છે. ત્યારબાદ, ગુનાની સુનાવણી કરવાની સત્તા વિ.મેજીસ્ટ્રેટશ્રી ને ન હોવાથી અને આરોપીઓ સામે સેસન્સ ટ્રાયબલ ગુનાના આરોપો હોવાથી વિ.મેજીસ્ટ્રેટશ્રીએ આ કેસ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૯ મુજબ અત્રેની અદાલતમાં કમીટ કરેલ છે. આરોપીઓ જામીન ઉપર મુકત છે.

(૩).. આ કામે આરોપીઓ અત્રેની કોર્ટ સમક્ષ ઉપસ્થિત થતાં આરોપીઓને વિના મુલ્યે પોલીસ તપાસના પેપર્સ મળી ગયાની ખાત્રી કર્યા બાદ આંક–૮ થી ઇ.પી.કો.કલમ–૧૨૦(બી) ૩૯૭, ૩૦૭, ૩૩૭, ૩૨૩ અને આઇ.ટી એકટની કલમ–૬૬(એ) તેમજ ૬૭ મુજબનો તેમજ જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાનુ તહોમતનામુ ફરમાવવામાં આવતાં આરોપીઓએ અનુક્રમે આંક–૯ થી ૨૨ સુધી ગુના કબુલાતની પ્લી રેકર્ડ કરતા, આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરેલ, તેથી આ કેસ ધારાસર રીતે

આગળ ચલાવવામાં આવેલ છે.

(૪).. ફરીયાદપક્ષે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

// મૌખિક પુરાવો //

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચ કમલેશકુમાર શંકરભાઇ પટેલની જુબાની | ૨૮ |
| ૨ | પંચ નરેશભાઇ રામાભાઇ પટેલની જુબાની | ૩૦ |
| ૩ | પંચ જાકીરહુસેન અનવરખાન પઠાણની જુબાની | ૩૨ |
| ૪ | પંચ નારાયણસિંહ જગતસિંહ ચૌહાણની જુબાની | ૩૪ |
| ૫ | પંચ રમેશભાઇ બેચરભાઇ પટેલની જુબાની | ૩૫ |
| ૬ | પંચ જયંતિભાઇ મગાભાઇ પરમારની જુબાની | ૩૮ |
| ૭ | પંચ કિરણકુમાર નરેશભાઇ પંચાલની જુબાની | ૩૯ |
| ૮ | પંચ દિવાનસિંહ મૂળસિંહ ચૌહાણની જુબાની | ૪૧ |
| ૯ | પંચ બટુકસિંહ લાલસિંહ ચૌહાણનીજુબાની | ૪૩ |
| ૧૦ | પંચ રશીદભાઇ ઇશ્માઇલભાઇ ઘોબીની જુબાની | ૪૬ |
| ૧૧ | પંચ રણજીતસિંહ કરણસિંહ ચૌહાણની જુબાની | ૪૭ |
| ૧૨ | સાહેદ ડૉ.મહેન્દ્રભાઇ અમૃતભાઇ લીમ્બાચીયાની જુબાની | ૫૧ |
| ૧૩ | સાહેદ ડૉ.રમેશભાઇ મગનભાઇ શાહની જુબાની | ૫૬ |
| ૧૪ | સાહેદપંચ ચૌહાણ હિમતસિહ રામસીંહની જુબાની | ૬૩ |
| ૧૫ | ફરીયાદી મુકેશકમાર કરશનભાઇ ચૌહાણની જુબાની | ૬૪ |
| ૧૬ | સાહેદ ડૉ.ભૈરવી બલવંત પાંડે નીજુબાની | ૬૯ |
| ૧૭ | સાહેદ સર્યકાન્ત પ્રભુદાસ પ્રજાપતિની જુબાની | ૭૩ |
| ૧૮ | સાહેદ પી.એસ.ઓ રમેશભાઇ ભલાભાઇ આહીરનીજુબાની | ૭૫ |
| ૧૯ | સાહેદ પટેલ રોહીતકુમાર અંબાલાલની જુબાની | ૭૯ |
| ૨૦ | સાહેદ ભરતભાઇ કરસનભાઇ પટેલની જુબાની | ૮૦ |
| ૨૧ | સાહેદ ડેનીકુમાર દિપકભાઇ પટેલની જુબાની | ૮૧ |
| ૨૨ | સાહેદ જતીનકુમાર દેવાભાઇ પટેલની જુબાની | ૮૨ |

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| ૨૩ | સાહેદ મનોજકુમાર ઉર્ફે ધોની બેચરભાઇ પટેલની જુબાની | ૮૩ |
| ૨૪ | સાહેદ પ્રવિણભાઇ બાબુભાઇ પટેલની જુબાની | ૮૪ |
| ૨૫ | સાહેદ રોનક ભુપેન્દ્રભાઇ જોષીની જુબાની | ૮૬ |
| ૨૬ | સાહેદ વિક્રમસિંહ છત્રસિહ રાઠોડનીજુબાની | ૮૭ |
| ૨૭ | સાહેદ નીરવકુમાર દશરથભાઇ પટેલની જુબાની | ૯૨ |
| ૨૮ | સાહેદ પટેલ કમલેશકુમાર શંકરભાઈની જુબાની | ૮૫ |
| ૨૯ | સાહેદ મોઘજીભાઇ રામજીભાઇ ગામેતીની જુબાની | ૧૦૦ |
| ૩૦ | સાહેદ  દિલીપકુમાર મોહનલાલ ચૌહાણની જુબાની | ૧૪૧ |
| ૩૧ | સાહેદ જીગ્નેશકુમાર સોમાભાઇ ચાવડાની જુબાની | ૧૪૫ |

// દસ્તાવેજી પુરાવો //

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ડેપ્યુટ હુકમ | ૨૩ |
| ૨ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ | ૨૯ |
| ૩ | રોહીતકુમારનુ શરીરસ્થિતીનુ પંચનામુ | ૩૧ |
| ૪ | પુરાવાની કાયદાની કલમ–૨૭ મુજબનુ ડીસ્કવરી પંચનામુ | ૩૩ |
| ૫ | આરોપી સુરેન્દ્રસિહ ઉર્ફે સુરભા નુ શરીરસ્થિતિનુ પંચનામુ | ૩૬ |
| ૬ | આરોપી નિતેશ ઉર્ફે નીતીયો,હરેશ ઉર્ફે લખન,વિરેન્દ્રસિહ ઉર્ફે વીકી અને વિરેન્દ્રસિહ ઉર્ફે કાળુભા ના શરીરસ્થિતીના અને મોબાઈલ કબજે લીધાનુ પંચનામુ | ૩૭ |
| ૭ | પુરાવા કાયદાની કલમ–૨૭ મુજબનુ પંચનામુ | ૪૦ |
| ૮ | આરોપી કુલદીપસિહ ,સમ્રાટસિહ ,નરેન્દ્રસિહ ઉર્ફે પિન્ટુ,ભુપેન્દ્રસિહ ઉર્ફે બકુલસિહ,ગજેન્દ્રસિહ મદનસિંહ અને ચેતનસિંહ અર્જુનસિહના શરીરસ્થિતીના પંચનામા અને તેમણે રજુ કરેલ કપડાં કબજે લીધાનુ પંચનામુ | ૪૨ |
| ૯ | પુરાવા કાયદાની કલમ–૨૭ મુજબનુ આરોપી યુવરાજસિહ અંગેનુ પંચનામુ | ૪૮ |

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧૦ | રોહિતકુમાર અંબાલાલનુ રેફરલ હોસ્પીટલ સતલાસણાએ આપેલ ઈજાનુ સર્ટીફીકેટ | ૫૨ |
| ૧૧ | રોહિતકુમાર અંબાલાલનુ રેફરલ હોસ્પીટલ સતલાસણાએ આપેલ કેસ પેપર્સ | ૫૩ |
| ૧૨ | મનોજકુમાર બેચરભાઈ પટેલનુ રેફરલ હોસ્પીટલ સતલાસણાએ આપેલ ઈજાનુ સર્ટીફીકેટ | ૫૪ |
| ૧૩ | મનોજકુમાર બેચરભાઈ પટેલ નુ રેફરલ હોસ્પીટલ સતલાસણાએ આપેલ કેસ પેપર્સ | ૫૫ |
| ૧૪ | રોહિતકુમાર અંબાલાલનુ જનરલ હોસ્પીટલ મહેસાણાએ આપેલ ઈજાનુ સર્ટીફીકેટ | ૫૭ |
| ૧૫ | રોહિતકુમાર અંબાલાલનુ રેફરલ હોસ્પીટલ સતલાસણાએ આપેલ ટ્રાન્સફર ચીટ | ૫૯ |
| ૧૬ | રોહિતકુમાર અંબાલાલનુ જનરલ હોસ્પીટલ મહેસાણા આપેલ અસલ કેસ પેપર્સ | ૫૮ |
| ૧૭ | મનોજકુમાર બેચરભાઈ પટેલનુ જનરલ હોસ્પીટલ મહેસાણાએ આપેલ ઈજાનુ સર્ટીફીકેટ | ૬૦ |
| ૧૮ | મનોજકુમાર બેચરભાઈ પટેલ નુ જનરલ હોસ્પીટલ મહેસાણાએ આપેલ કેસ પેપર્સ | ૬૧ |
| ૧૯ | મનોજકુમાર બેચરભાઈ પટેલનુ રેફરલ હોસ્પીટલ સતલાસણાએ આપેલ ટ્રાન્સફર ચીટ | ૬૨ |
| ૨૦ | મુકેશકુમાર કરશનભાઈ પટેલની ફરીયાદ | ૬૫ |
| ૨૧ | રોહીતકુમાર અંબાલાલ પટેલનુ સીવીલ હોસ્પીટલ અમદાવાદએ આપેલ ઈજાનુ સર્ટીફીકેટ | ૭૦ |
| ૨૨ | રોહીતકુમાર અંબાલાલ પટેલનુ સીવીલ હોસ્પીટલ મહેસાણાએ આપેલ ટ્રાન્સફર ચીટ | ૭૨ |
| ૨૩ | રોહીતકુમાર અંબાલાલ પટેલનુ સીવીલ હોસ્પીટલ અમદાવાદએ આપેલ કેસ પેપર્સ અને એકસ-૨ ફિલ્મ | ૭૩ |
| ૨૪ | સ્ટેશનડાયરીની ખરીનકલ | ૭૬ |

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| ૨૫ | ગુનો રજીસ્ટર કરવા કરેલ રીપોર્ટ | ૭૭ |
| ૨૬ | ગુનાવાળી જગ્યાનો નકશો | ૭૪ |
| ૨૭ | ઇજાપામનાર રોહીતકુમારનુ નિવેદન લેવા કરેલ રીપોર્ટ | ૮૮ |
| ૨૮ | વોટસએપ મેસેજો | ૯૩,૯૪ અને ૧૧૭ |
| ૨૯ | એ.એસ.આઇ નાગજીભાઇ માવજીભાઇની ટેલીફોન વર્ધી | ૧૨૩ |
| ૩૦ | મુદ્દામાલ આર્ટીકલ ઉપર રાખવામાં આવેલ પંચસ્લીપો | ૧૦૧ થી ૧૧૬ સુધી |
| ૩૧ | એફ.એસ.એલને મુદ્દામાલ મળ્યાની પહોંચ | ૧૧૮ અને ૧૧૯ |
| ૩૨ | સ્થાનિક એફ.એસ.એલ અધિકારીનો સ્થળ તપાસણી રીપોર્ટ | ૧૨૦ |
| ૩૩ | જીલ્લા મેજી.શ્રીનુ હથિયાર બંધીનુ જાહેરનામુ | ૧૨૧ |
| ૩૪ | એફ.આઇ.આર ની નકલ | ૧૨૨ |
| ૩૫ | કલમમાં વધારો કરવા કરેલ રીપોર્ટ | ૧૨૪ |
| ૩૬ | કલમમાં ઘટાડો કરવા કરેલી રીપોર્ટ | ૧૨૫ |
| ૩૭ | આરોપી સુરેન્દ્રસિહનો સીટીસ્કેન રીપોર્ટ | ૧૨૬ |
| ૩૮ | આરોપી પો.કો.યુવરાજસિહ સામે પ્રોસીક્યુશન કરવાની મંજુરી | ૧૨૭ |
| ૩૯ | મુદ્દામાલ રવાનગી નોધ | ૧૨૮ |
| ૪૦ | આરોપી નિતેશ, સુરેન્દ્રસિહ, વિરેન્દ્રસિહ નટવરસિહ,વિરેન્દ્રસિહ શૈલેન્દ્રસિહ,હરેશના મેડીકલ ચેકઅપ ફોર્મ | ૧૩૦ થી ૧૩૪ |
| ૪૧ | મેડીકલ ઓફીસરને આરોપીઓની તપાસણી કરવા કરેલ રીપોર્ટ | ૧૩૫ |
| ૪૨ | વોટસએપ મોજ ગૃપ અંગે માહિતી આપવા લખેલ પત્ર | ૧૩૬ |
| ૪૩ | વોટસએપ તરફથી આપવામાં આવેલ જવાબો | ૧૩૭ ,૧૩૮ |
| ૪૪ | આરોપી ચૌહાણ યુવરાજસિહ પો.કો. સામે ચાર્જશીટ કરવા | ૧૩૯ |

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| | આપેલ મંજુરી | |
| ૪૫ | આરોપીઓ સામે ચાર્જશીટ કરવા એસ.પી મહેસાણાએ આપેલ મંજુરી | ૧૪૦ |

(૫)..ત્યારબાદ, ફરીયાદપક્ષ તર્ફે પુરાવો બંધ કરવાની પુરસીસ આંક-૪૧થી આપવામાં આવેલ છે. ત્યારબાદ, ક્રિ. પ્રો. કોડની કલમ-૩૧૩ અન્વયે આરોપીઓનુ વધારાનુ નિવેદન લેવામાં આવેલ છે જેમાં આરોપીઓએ ફરીયાદપક્ષની તમામ હકીકતોનો ઈન્કાર કરી તેઓ સામે ખોટો કેસ કરેલાનું જણાવેલ છે,આ સિવાય સોગંદ ઉપર પુરાવો આપેલ નથી કે બચાવના કોઇ સાહેદ તપાસેલ નથી.

(૬)..ત્યારબાદ એ.પી.પી.શ્રી આર.બી.દરજી ને તથા આરોપીઓના વિ.વ.શ્રી એ.એસ.બારોટને સાંભળ્યા.

(૭)..આ કેસના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્ધાઓ ઉપસ્થિત થાય છે.

// મુદ્ધાઓ //

(૧). શું ફરીયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે,આ કામના તહોમતદારોએ તા.૨૭-૦૫-૧૫ ના રોજ આરોપી ચૌહાણ ગજેન્દ્રસિહ મદનસિહે મોબાઈલના ઝગડામાં પટેલોએ માર મારેલો જે બાબતે સતલાસણા પોલીસ સ્ટેશનમાં સે.ગુ.રનં.૪૬/૧૫ થી ગુનો રજીસ્ટર થયેલો.જેમાં આરોપીઓ તરીકે પટેલ હતા અને ઈજાપામનાર તરીકે આરોપી ગજેન્દ્રસિહ મદનસિહ હતા અને આરોપી ચૌહાણ યુવરજસિહ નટવરસિહ વિસનગર શહેર પોલીસ સ્ટેશનમાં લોકરક્ષક તરીકે ફરજ બજાવતા હતા અને આરોપી મનિષભાઇ મહેશભાઇ ચૌધરીનાએ

પોતાના મોબાઇલ ફોન ઉપર મોજ ગૃપમાં જોડાયેલ સભ્યોને હાલના કેસના ફરીયાદી મુકેશભાઇ તથા સાહેદોને માર મારવા માટે ઈરાદાપુર્વકની ગેરકાયદેસર પ્રવૃતિ માટે કાવત્રુ રચવાના ઈરાદે ઉશ્કેરણીજનક તથા અશ્લીલ મેસેજો કરેલા જેથી આરોપીઓએ તા.૨૦/૫/૧૫ ના રોજ સવારના દસ વાગ્યાના સુમારે મોજે સતલાસણા ટાઉનમાં આવેલ ચેતના પાર્લર એચ.ડી.એફ.સી. બેન્ક આગળ ખુલ્લી જગ્યાએ પ્રાણઘાતક હથિયારો સાથે આ કામના ફરીયાદી મુકેશભાઇ અને સાહેદો બેન્કના કામે આવતા હોવાથી તેમના ઉપર જાનથી મારી નાખવાના ઈરાદે હુમલો કરી ગેરકાયદેસર મંડળી રચી ઇ.પી.કો.કલમ-૧૨૦(બી) અને આઇ.ટી.એકટની કલમ-૬૬(એ) તેમજ ૬૭ મુજબના ગુનાઓ કરેલ છે?

(૨)..શું ફરીયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે,તા.૨૦/૫/૧૫ ના રોજ સવારના દસ વાગ્યાના સુમારે મોજે સતલાસણા ટાઉનમાં આવેલ ચેતના પાર્લર એચ.ડી.એફ.સી બેન્ક આગળ આવેલ ખુલ્લી જગ્યાએ પટેલ રોહીતકુમાર અંબાલાલ તથા પટેલ મનોજકુમાર બેચરભાઇ આવેલ હતા અને ત્યારે ફરીયાદી પોતાનુ મોટરસાયકલ લઇ પોતાના મોટા ભાઇ ભરતભાઇ સાથે પસાર થતા હતા ત્યારે આરોપી કુલદિપસીહ મહોબતસીહે હાથમાં તલવાર,આરોપી સમ્રાટસિહ સન/ઓ પરબતસિહ હાથમાં તલવાર,આરોપી નરેન્દ્રસિહ ઉર્ફે પિન્ટુસિહ બાબુસિહના હાથમાં લોખંડની ઇંગલ અને આરોપી બકુલસિહ વખતસિહે હાથમાં લોખંડની ટોમી લઇ રોહીતકુમાર તેમજ મનોજકુમારની સાથે ઝગડો કરી માર મારેલ ત્યારે ફરીયાદી અને તેના ભાઇ આ મારમાંથી બચાવવા વચ્ચે પડતાં આરોપી કુલદિપસિહ

મહોબતસિહે પોતાના હાથમાંની તલવારથી રોહિતકુમારને મારી નાખવાના ઈરાદે ગર્દન ઉપર મારવા જતાં તે ખસી જતાં તેમના જમણા પગના ઢીંચણ ઉપર તલવારનો ઘા કરતાં તેમનો જમણો પગ ઢીંચણથી કપાઇ ગયેલ તેમજ આરોપી કુલદીપસિહ,ગજેન્દ્રસિહ મદનસિહ અને સમ્રાટસિહનાઓએ પણ પોતાની પાસેના હથિયારો વડે મનોજકુમારને નીચે પાડી બરડાના તથા પીઠના ભાગે માર મારેલ અને આરોપી બકુલસિહે તેના હાથમાંની ટોમી પટેલ મનોજકુમારના ડાબા હાથે મારેલી અને આરોપી ગજેન્દ્રસિહ મદનસિહે તેના હાથમાંની લોખંડની પાઇપ ફરીયાદીના માથાના પાછળના ભાગે મારેલી અને ફરીયાદીના ભાઇ ભરતભાઇને આરોપી નરેન્દ્રસિહ ઉર્ફે પિન્ટુસિહે તેના હાથમાંની ઇંગલથી બંને પગે તથા બંને હાથ ઉપર તથા બરડાના ભાગે માર મારેલ અને બિભત્સ ગાળો બોલી ફરીયાદીના ભાઇ ભરતભાઇ કરસનભાઇ પાસેથી આરોપી ગજેન્દ્રસિહે બાઇકની ચાવી અને સેમસંગ કંપનીનો મોબાઇલ કિ.રૂ.૩૦૦૦/– નો પડાવી લઇ ઈજા પામનારાઓને તેમજ ફરીયાદીને ગંભીર અને સાદી પ્રાણઘાતક ઈજાઓ પહોચાડી તેમજ આરોપી ચૌહાણ કેતનસિહ અર્જુનસિહે સાહેદ ભરતભાઇ કરસનભાઇને લાકડીથી અને આરોપી નિતેશભાઇ રાવળ,હરેશ ઉર્ફે રામચંદ્ર ભારથી ગોસ્વામીનાઓએ સાહેદ પટેલ મનોજભાઇને લાકડીથી બરડામાં માર મારી અને આરોપીઓએ છુટા પથ્થર મારી પ્રાણઘાતક હથિયારો સાથે ફરીયાદી અને સાહેદોને જાનથી મારી નાખવાના ઈરાદે હુમલો કરવા ગેરકાયદેસર મંડળી રચી ફરીયાદી અને સાહેદોને સાદી અને ગંભીર ઈજાઓ તેમજ મોત નીપજાવવાના ઈરાદે ઈજાઓ કરી ઇ.પી.કો.કલમ–૩૯૭,૩૦૭,૩૩૭, ૩૨૩ મુજબના સજાને પાત્ર ગુનાઓ કરેલ છે?

(૩) શું ફરીયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે,તા.૨૦/૫/૧૫ ના રોજ સવારના દસ વાગ્યાના સુમારે મોજે સતલાસણા ટાઉનમાં આવેલ ચેતના પાર્લર એચ.ડી.એફ.સી. બેન્ક આગળ આવેલ ખુલ્લી જગ્યાએ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીનુ હથિયાર બંધીનુ જાહેરનામુ અમલમાં હોવા છતાં આરોપીઓએ જાહેરમાં પ્રાણઘાતક હથિયારો ધારણ કરી ફરીયાદી અને સાહેદો ઉપર હુમલા કરી ઈજાઓ પહોચાડી જાહેર સુલેહ શાંતિનો ભંગ કરી જી.પી.એકટ નીકલમ-૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

(૪). શું હુકમ?

(૮)..ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧). નકારમાં.

(૨). નકારમાં.

(૩) નકારમાં.

(૪). આખરી હુકમ મુજબ.

(૯)..ઉપરોકત નિર્ણયોના મારા કારણો નીચે મુજબ છે.

// કા ર ણો //

<u>મુદ્દા નં.૧ થી ૩</u>

(૧૦).. આ કામે ઉપરોકત તમામ મુદ્દાઓ એક બીજા સાથે સંકળાયેલા હોવાથી પુનરાવર્તન ન થાય તે હેતુથી તમામ મુદ્દાની એકી સાથે ચર્ચા કરવામાં આવે છે.

આ કામના ફરીયાદી પટેલ મુકેશભાઇ દશરથભાઇ પટેલની ફરીયાદ હકીકત એવી છે કે,તા.૨૮/૫/૧૫ ના સવારના આશરે સવા નવેક વાગ્યાના સુમારે પોતાના ગામના પટેલ કમલેશભાઇ શંકરભાઇનાઓનુ

મોટરસાયકલ લઈ પોતે તથા પોતાનો મોટો ભાઈ ભરતભાઈ બંને સતલાસણા અંબાજી હાઈવે બાલાજી કોમ્પલેક્ષમાં એચ.ડી.એફ.સી. બેન્ક આગળ થઈ પસાર થતા હતા તે દરમ્યાન તેમના ગામના પટેલ રોહીતકુમાર અંબાલાલની સાથે મારામારી થતી હોય તેઓએ મોટરસાયકલ ઉભુ રાખેલ અને તેમને મારમાંથી બચાવવા માટે પોતે બંને ભાઈઓ એચ.ડી.એફ.સી બેન્ક આગળ જતાં જોયેલ તો આ પટેલ રોહીતકુમાર અંબાલાલ તથા મનોજકુમાર બેચરભાઈ પટેલ બંનેને તેમના ગામના કુલદીપસિહ મહોબતસિહ તેના હાથમાં તલવાર લઈ તથા ગજેન્દ્રસિહ મદનસિહના હાથમાં લોખંડની પાઈપ હતી તથા સમ્રાટ તરીકે ઓળખાતા વઘાર ગામવાળો તેના હાથમાં તલવાર હતી તથા પિન્ટુસિહ રહે.નવાવાસવાળો લોખંડની ઈંગલ લઈ તથા ટીમ્બા ગામના બકુલસિહ વખતસિહ જેના હાથમાં લોખંડની ટોમી હતી આ પાંચેય જણા તેમના હાથમાં તિક્ષ્ણ હથિયારો લઈ રોહીતકુમાર તથા મનોજકુમારની સાથે ઝગડો કરી માર મારતા હોય બંને ભાઈઓ તેમને મારમાંથી બચાવવા વચ્ચે પડતાં કુલદિપસિહ મહોબતસિહે તેમના હાથમાની તલવારથી પટેલ રોહિતકુમારને મારી નાખવાના ઈરાદે તલવાર ગરદન ઉપર મારવા જતાં તે ખસી જતાં તેમને જમણા પગના ઢીંચણ ઉપર તલવારના ઘા વાગતાં તેમનો જમણો પગ ઢીંચણથી કપાઈ ગયેલ અને ચામડી ઉપર ટકી રહેલ અને ખુબ જ લોહી આવેલ તેમજ કુલદીપસિહની સાથેના ગજેન્દ્રસિહ મદનસિહ તથા સમ્રાટથી ઓળખાતા વઘાર ગામના પણ તેમની પાસેના હથિયારોથી મનોજકુમારને નીચે પાડી બરડાના ભાગે તથા પીઠ ઉપર મારવા ફરી વળેલ તથા બકુલસિહે તેના હાથમાંની ટોમી પટેલ મનોજકુમારના ડાબા હાથે મારેલી અને તે દરમ્યાનમાં ગજેન્દ્રસિહ મદનસિહે તેના હાથમાંની લોખંડની પાઈપ ફરીયાદીને માથાના પાછળના ભાગે મારેલી જે વાગતાં લોહી આવેલ અને ફરીયાદીના ભાઈ ભરતભાઈને પિન્ટુસિહે તેના

હાથમાની ઇંગલથી બંને પગે તથા બંને હાથે તથા બરડાના ભાગે મારવા ફરી વળેલ અને તેઓ ફરીયાદી અને સાહેદોને બિભત્સ ગાળો બોલતા હતા અને કહેતા હતા કે ગઇ કાલે અમારા દરબાર જોડે તમે પટેલોએ મોબાઇલ બાબતે કેમ ઝગડો કરેલો તેમ કહી માર મારતા હતા તે દરમ્યાનમાં ફરીયાદીના ભાઇ ભરતભાઇ કરસનભાઇ પાસેથી દરબાર ગજેન્દ્રસિંહે બાઇકની ચાવી તથા સેમસંગ કંપનીનો મોબાઇલ કિ.રૂ.૩૦૦૦/- નો પડાવી લીધેલ અને વધુ હોબાળો થતાં ઘણા માણસો ભેગા થઇ ગયેલ તે દરમ્યાન આ પાંચે જણાઓ તેમના હથિયારો સાથે ભાગી ગયેલાઅને પટેલ રોહિતકુમારને જમણા પગે મનોજકુમારને ડાબા હાથે ગંભીર ઇજાઓ થયેલ હોય અને લોહી નીકળતુ હોવાથી ફરીયાદીને પણ માથાના ભાગે ઇજા થયેલ હોવાથી લોહી નીકળતુ હોય અને તેમના ભાઇ ભરતભાઇને પણ ઇજા થયેલ હોય ફરીયાદી તથા પોતાના ભાઇ અને પ્રવિણભાઇ બાબુભાઇ પટેલ તથા રાકેશકુમાર નારાયણભાઇ પટેલનાઓ મળી રોહિતકુમાર તથા મનોજકુમારને સતલાસણા સરકારી દવાખાને લઇ ગયેલા અન દવાખાને ડૉકટરે પટેલ રોહિતકુમાર અને મનોજકુમારને પ્રાથમિક સારવાર આપી ગંભીર ઇજાઓ થયેલ હોય મહેસાણા સીવીલ હોસ્પીટલમાં રીફર કરતાં સરકારી એમ્બ્યુલન્સમાં મહેસાણા સીવીલમાં લઇ ગયેલા અને ત્યાં આગળ પણ સારવાર આપ્યા પછી અમદાવાદ સીવીલ લઇ ગયેલાનુ ફરીયાદીએ જાણેલુ અને પોતાને માથાના પાછળના ભાગે ઇજા થયેલ હોય ડૉકટરે રજા આપતાં પોતે સતલાસણા પોલીસ સ્ટેશનને ફરીયાદ આપેલી.

(૧૧) ઉપરોકત મુજબ ફરીયાદ પક્ષનો કેસ પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષે સાહેદ નં.૧ તરીકે આંક-૨૮ થી પંચ સાહેદ કમલેશકુમાર શંકરભાઇ પટેલને તપાસવામાં આવે છે જે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં સરતપાસમાં એવુ

જણાવે છે કે, મને તા.૨૮-૫-૧૫ ના રોજ સતલાસણા પોલીસે ચેતના ડાઈનીંગ હોલ પાસે સતલાસણા મુકામે બોલાવેલો જે હોટલ આગળ ઝગડો થયેલો હોઈ તે જગ્યાનુ પંચનામુ કરવાનુ હોઈ મને પંચ તરીકે રહેવા સમજ કરેલી જેથી અમોએ પંચ તરીકે રહેવાની સંમતી આપેલી. બપોરના આશરે ૧-૩૦ વાહે પંચનામુ શરૂ કરેલ.સદર જગ્યાએ પટેલ મુકેશભાઈ કરશનભાઈ તેમજ એસ.ઓ.જી. પોલીસના માણસો હાજર હતા. સદર ગુનાવાળી જગ્યા બાલાજી કોમ્પ્લેક્ષ હાઈવે રોડ સતલાસણા મુકામે આવેલી..સદર જગ્યાએ રોહીતભાઈને વાગેલુ હતુ તેના લોહીના ડાઘ જમીન ઉપર પડેલા હતા અને એક ચંપલ પડેલ હતુ. ચંપલ ઉપર લોહીના ડાઘ હતા ત્યારબાદ એક લોહીવાળી માટીનુ સેમ્પલ અમારી રુબરુ લેવામાં આવેલુ.આ તમામ વસ્તુઓ પોલીસે એક પ્લાસ્ટીકની બેગમાં મુકી તપાસ અર્થે કબજે કરેલ. સદર જગ્યા બાલાજી કોમ્પ્લેક્ષના પ્રથમ મજવે આવેલ ચેતના ડાઈનીંગ હોલ હતો જે પૂર્વ બાજુના મુખવાળી આવેલ હતી,જે કોમ્પ્લેક્ષની બાજુમાં સહયોગ હોટેલ છે અને એક સર્વિસ સ્ટેશન છે. આમ, આ પંચ સાહેદે આંક ૨૯ નુ ગુનાવાળી જગ્યાનુ પંચનામુપોતાની સોગંદ ઉપરની જુબાનીથી પુરવાર કરેલ છે. બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં કોઈ મહત્વનો વિરોધાભાસ પુરવાર થયેલ નથી.

(૧૨).ફરીયાદપક્ષે સાહેદ નં.૨ તરીકે આંક-૩૦ થી નરેશભાઈ રામાભાઈ પટેલને તપાસવામાં આવેલ છે તેમણે આંક-૩૧ થી આ કામના ઈજા પામનાર રોહિતભાઈના શરીરસ્થિતીના પંચનામાને સમર્થન આપેલ છે અને રોહિતભાઈને જમણા હાથે છોલાયેલ હોવાનુ માથાના ભાગે થોડી ઈજાઓ જમણા પગે વાગેલ હતુ અને પાટો બાંધેલ હતો અને પ્લાસ્ટીકની ઘોડી લગાવેલ હતી તેવુ જણાવેલ છે. બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં કોઈ મહત્તવનો વિરોધાભાસ જણાઈ આવતો નથી.

(૧૩) ફરી.પક્ષે સાહેદ નં.૩ તરીકે આંક–૩૨ થી જાકીરહુસેન અનવરખાન પઠાણને અને સાહેદ નં.૪ તરીકે આંક–૩૪ થી નારાણસિહ જગતસિહ ચૌહાણને તપાસવામાં આવેલ છે જે બંને પંચોએ આંક–૩૩ થી રજુ થયેલ પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે પોતાની રૂબરૂ કોઇ મુદ્દામાલ રજુ થયેલ હોય કે ડીસ્કવરી પંચનામુ થયેલ હોય તે હકીકતને સમર્થન આપેલ નથી તેમજ સાહેદ નં.૫ તરીકે આંક–૩૫ થી રમેશભાઇ બેચરભાઇ પટેલને અને સાહેદ નં.૬ તરીકે આંક–૩૮ થી જયંતિભાઇ મઘાભાઇ પરમારને તપાસવામાં આવેલ છે જે બંને પંચોએ આંક–૩૬ અને ૩૭ ના પંચનામામાં સહી સિવાય બીજી કોઇ હકીકતોને સમર્થન આપેલ નથી.સાહેદ નં.૭ તરીકે આંક–૩૯ થી કિરણકુમાર નરેશભાઇ પંચાલને અને સાહેદ નં.૮ તરીકે આંક–૪૧ થી દિવાનસિહ મુળસિહ ચૌહાણને તેમજ સાહેદ નં.૯ તરીકે આંક–૪૩ થી બટુકસિહ લાલસિહ ચૌહાણને તપાસવામાં આવેલ છે આ ઉપરાંત સાહેદ નં.૧૦ તરીકે આંક–૪૬ થી રસીદભાઇ ઇસ્માઇલભાઇ ધોબી,સાહેદ નં.૧૧ તરીકે આંક–૪૭ થી રણજીતસિહ કરણસિહ ચૌહાણ તેમજ સાહેદ નં.૧૪ તરીકે આંક–૬૩ થી તપાસવામાં આવેલ ચૌહાણ હિમતસિહ રામસિહને તપાસવામાં આવેલ છે જે તમામ પંચસાહેદોએ આંક–૪૦, ૪૨ અને ૪૮ ના પંચનામાઓમાં પોતાની સહીઓ ઓળખી બતાવેલ છે પરંતુ તેમની રૂબરૂ કોઇ વ્યક્તિઓના શરીરસ્થિતીના પંચનામાઓ કરવામાં આવેલ હોય અને તેમણે રજુ કરેલ હથિયારો કબજે લઇ તેનુ પંચનામુ લખવામાં આવેલ હોય તેવી હકીકતને સમર્થન આપેલ નથી જેથી આ તમામ પંચ સાહેદોને હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે અને હોસ્ટાઇલ જાહેરકર્યા બાદની એ.પી.પી.શ્રીની ઉલટતપાસમાં કોઇ મહત્વની હકીકતને સમર્થન આપેલ નથી જેથી આ તમામ પંચસાહેદોની જુબાની ફરીયાદ પક્ષને કોઇપણ રીતે મદદરૂપ નથી.

(૧૪).ફરીયાદપક્ષે સાહેદ નં.૧૨ તરીકે આંક–૫૧થી ડૉ.મહેન્દ્રભાઇ અમૃતભાઇ લીમ્બાચીયાને તપાસવામાં આવેલ છે તેઓ તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, હુ એમ.બી.બી.એસ ની ડીગ્રી ધરાવુ છુ.છેલ્લા ૨૬ વર્ષથી મેડીકલ ઓફીસર તરીકે સરકારી દવાખાનામાં ફરજ બજાવુ છુ.તા.૨૮/૫/૧૫ ના રોજ હુ સામુહિક આરોગ્ય કેન્દ્ર સતલાસણા ખાતે મારી મેડી.ઓફીસર તરીકેની ફરજ ઉપર હાજર હતો ત્યારે પટેલ રોહિતકુમાર અંબાલાલ ઉ.વ.૩૩ રહે.સતલાસણા વાળાઓને પોલીસ યાદી વગર સવારે ૧૦–૧૫ કલાકે તેમના સંબંધી દ્વારા તપાસ અને સારવાર માટે લાવવામાં આવેલ.તેમણે ઈતિહાસ આપેલ કે ,સમ્રાટ,બકુલે તલવાર મારેલી.તેમને તપાસતાં તેઓ સંપુર્ણ સભાન હતા અને તેમના વાઇટલ નોર્મલ હતા.તેમને તપાસતાં તેમના શરીર ઉપર નીચે મુજબની ઈજાઓ જોવા મળેલ.ઈજા નં.૧ ૮ સે.મી.લાંબો અને ૬ સે.મી પહોળો માંસ પેસીની ઉંડાઇ સુધીનો ત્રાસી દિશાનો કપાયેલો ઘા જમણા પગ ઉપર આગળના ઉપરના ભાગે હતો.ઘાની કિનારીઓ કપાયેલી હતી અને લોહી જોવા મળેલ.મારા અભિપ્રાય પ્રમાણે ઉપરોકત ઘા તિક્ષ્ણ ધારદાર હથિયારથી થઇ શકે તેવો હતો.દર્દીને પ્રાથમિક સારવાર આપી વધુ તપાસ અને સારવાર માટે જનરલ હોસ્પીટલ મહેસાણા ખાતે રીફર કરેલા અને વધુમાં એવુ જણાવે છે કે તા.૨૮/૫/૧૫ ના રોજ હુ સામુહિક આરોગ્ય કેન્દ્ર સતલાસણા ખાતે મારી મેડી.ઓફીસર તરીકેની ફરજ ઉપર હાજર હતો ત્યારે પટેલ મનોજકુમાર બેચરભાઇ ઉ.વ.૨૮ રહે.સતલાસણા વાળાઓને પોલીસ યાદી વગર સવારે ૧૦–૧૫ કલાકે તેમના સંબંધી દ્વારા તપાસ અને સારવાર માટે લાવવામાં આવેલ.તેમણે ઈતિહાસ આપેલ કે ,હુમલામાં ઈજા થયેલ છે.તેમને તપાસતાં તેઓ સંપુર્ણ સભાન હતા અને તેમના વાઇટલ નોર્મલ હતા.તેમને તપાસતાં તેમના શરીર ઉપર નીચે મુજબની ઈજાઓ જોવા

મળેલ.ઈજા નં.૧તેમને ડાબા હાથ ઉપર દુખાવો હતો મારા અભિપ્રાય પ્રમાણે ઉપરોકત ઈજા કઠણ અને બોથડ હથિયારથી થઈ શકે તેમ હતી.દર્દીને પ્રાથમિક સારવાર આપી વધુ તપાસ અને સારવાર માટે જનરલ હોસ્પીટલ મહેસાણા ખાતે રીફર કરેલા.બચાવ પક્ષે આ સાહેની ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં મહત્વનો વિરોધાભાસ પુરવાર થતો નથી.તેમણે આંક–૫૨ થી રોહિતકુમારને થયેલ ઈજાનુ સર્ટીફીકેટ અને આંક–૫૩ થી અસલ કેસ પેપર રજુ કરેલ છે અને આર્ટીકલ નં.૨૨ અને ૨૩ ની તલવારથી રોહિતકુમારને થયેલ છે તેવી ઈજા થઇ શકે તેમ હોવાનો અભિપ્રાય આપે છે જ્યારે આંક–૫૪ થી મનોજકુમારને સારવાર આપેલ સર્ટીફીકેટ અને આંક–૫૫ થી અસલ કેસ પેપર રજુ કરી મુદ્ધામાલ આર્ટીકલના લાકડી ધોકા અને લોખંડની પાઇપથી મનોજકુમારને થયેલ ઈજા થઇ શકે તેમ જણાવે છે.

(૧૫).ફરી. પક્ષે સાહેદ નં.૧૩ તરીકે આંક–૫૬ થી ડૉ.રમેશભાઈ મગનભાઈ શાહને તપાસવામાં આવેલ છે તેમણે તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવુ જણાવેલ છે કે, હુ એમ.બી.બી.એસ અને પોસ્ટ ગ્રેજયુએટ ડીપ્લોમા ઇન હોસ્પીટલ મેનેજમેન્ટ ની ડીગ્રી ધરાવુ છુ.છેલ્લા આશરે ૧૮ વર્ષથી મેડીકલ ઓફીસર તરીકે સરકારી દવાખાનામાં ફરજ બજાવુ છુ.તા.૨૮/૫/૧૫ ના રોજ હુ મહેસાણા સીવીલી હોસ્પીટલ ખાતે મારી મેડી.ઓફીસર તરીકેની ફરજ ઉપર હાજર હતો ત્યારે પટેલ રોહિતકુમાર અંબાલાલ ઉ.વ.૩૩ રહે.સતલાસણા વાળાઓને સામુહિક આરોગ્ય કેન્દ્ર સતલાસણાની ટ્રાન્સફરચીટ સાથે સવારે ૧૧–૪૦ કલાકે તેમના સંબંધી દ્વારા તપાસ અને સારવાર માટે લાવવામાં આવેલ.તેમણે ઈતિહાસ આપેલ કે ,તા.૨૮/૫/૧૫ ના સવારના ૧૦–૧૫ કલાકે તેમના ઉપર તલવાર ,લાકડી અને ધારીયાથી હુમલો કરવામાં આવેલ છે.હુમલો કરવા વાળા સમ્રાટ,બકુલસિહ,કુલદિપસિહ,યુવરાજસિહ,ચેતનસિહ, ગજેન્દ્રસિહ અને

ઇન્દ્રસીહ હતા અને તલવાર સમ્રાટે મારેલ ,માથામાં ધોકો કુલદીપસીહ અને વિરેન્દ્રસિહે મારેલ છે .તેમને તપાસતાં તેઓ સંપુર્ણ સભાન હતા દર્દીની પ્રાથમિક સારવાર સતલાસણા ખાતે સામુહિક આરોગ્ય કેન્દ્રમાં થયેલ અને તેમને તપાસતાં તેમના શરીર ઉપર નીચે મુજબની ઇજાઓ જોવા મળેલ.ઇજા નં.૧૧૫ ઇંચ x ૩ ઇંચ હાડકા સુધી ઉંડો કપાયેલો ઘા જમણા ઢીચણે હતો.જમણા ઢીચણની ઢાંકણીનુ ફ્રેકચર હતુ.ઘા માંથી તાજુ લોહી નીકળતુ હતુ.તે ભાગના સ્નાયુઓ ઉઘાડા પડી ગયેલ હતા.ઇજા નં.૨ માથાના જમણા પેરાઇટલ ભાગમાં ૫ સે.મીની સાઇઝનો સોજો હતો.દર્દીની ઇજાઓ તાજી હતી.ગંભીર પ્રકારની હતી અને તિક્ષ્ણ હથિયારથી થઇ શકે તેવી હતી.દર્દીને વધુ સારવાર માટે સીવીલી હોસ્પીટલ અમદાવાદ ખાતે ટ્રાન્સફર કરવામાં આવેલા.વધુમાં આ ડૉકટરશ્રી એવુ જણાવે છે કે તા.૨૮/૫/૧૫ ના રોજ હુ મહેસાણા સીવીલી હોસ્પીટલ ખાતે મારી મેડી.ઓફીસર તરીકેની ફરજ ઉપર હાજર હતો ત્યારે પટેલ મનોજકુમાર બેચરભાઇ ઉ.વ.૩૦ રહે.સતલાસણા વાળાઓને સામુહિક આરોગ્ય કેન્દ્ર સતલાસણાની ટ્રાન્સફરચીટ સાથે સવારે ૧૧-૪૦ કલાકે તેમના સંબંધી દ્વારા તપાસ અને સારવાર માટે લાવવામાં આવેલ.તેમણે ઇતિહાસ આપેલ કે ,તા.૨૮/૫/૧૫ ના સવારના ૧૦-૧૫ કલાકે તેમના ઉપર લખાભાઇ અને નિતીનભાઇએ લાકડીથી હુમલો કરેલ છે.તેમને તપાસતાં તેઓ સંપુર્ણ સભાન હતા દર્દીની પ્રાથમિક સારવાર સતલાસણા ખાતે સામુહિક આરોગ્ય કેન્દ્રમાં થયેલ અને તેમને તપાસતાં તેમના શરીર ઉપર નીચે મુજબની ઇજાઓ જોવા મળેલ. ઇજા નં.૧ ડાબા હાથમાં કાંડાના ભાગે સોજો હતો.આ દર્દીને થયેલ ઇજા સાદી, સામાન્ય અને કઠણ અને બોથડ પદાર્થથી થઇ શકે તેવી અને કોઇ ગુંચવણ ન થાય તો સાત થી આઠ દિવસમાં સારી થઇ શકે તેવી હતી.આ દર્દીને તા.૨૮/૫/૧૫ ના રોજ રજા

આપવામાં આવેલી.આ ડૉ.શ્રીએ આંક–૫૭ થી રોહિતકુમારને થયેલ ઈજાનુ સર્ટીફીકેટ અને આંક–૫૮ થી કેસ પેપર્સ અને આંક–૫૯ થી સતલાસણા સામુહિક આરોગ્ય કેન્દ્રની ટ્રાન્સફરચીટ તેમજ આંક–૬૦ થી મનોજકુમારને થયેલ  ઈજાનુ સર્ટીફીકેટ અને આંક–૬૧ થી કેસ પેપર્સ અને આંક–૬૨ થી સતલાસણા સામુહિક આરોગ્ય કેન્દ્રની ટ્રાન્સફરચીટ રજુ કરેલ છે અને વધુમાં એવુ જણાવેલ છે કે રોહિતકુમારને થયેલ ઈજાઓ મુદ્દામાલ આર્ટીકલ નં.૫,૬ ની લાકડી ૭ નો ધોકો ૨૨ અને ૨૩ ની તલવાર, ૨૫ ની લોખંડની પાઇપ, ૨૬ ની લોખંડની ટોમી ,૨૭ અને ૨૮ લાકડી અને લાકડાનો ધોકો વડે થઇ શકે તેમ હોવાનો અભિપ્રાય આપેલ છે જયારે મનોજકુમારને થયેલ ઈજાઓ મુદામાલ આર્ટીકલ નં.૫,૬ ની લાકડી ૭ નો ધોકો ,૨૫ ની લોખંડની પાઇપ,૨૬ ની લોખંડની ટોમી, ૨૭ ની લાકડી ,૨૯ નો લાકડાનો ધોકો જોઈને તેના વડે થઇ શકે તેવો અભિપ્રાય આપેલ છે.આ ડોકટરની બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં કોઈ મહત્વનો વિરોધાભાસ જણાઈ આવેલ નથી.

(૧૬).ફરી.પક્ષે સાહેદ નં.૧૬ તરીકે આંક–૬૯ થી ડૉ.ભૈરવી બલવંત પાંડને તપાસવામાં આવેલ છે જે પોતાની સોંગદ ઉપરની જુબાનીમાં સરતપાસમાં એવુ જણાવે છે કે હુ એમ.બી.બી.એસ ની ડીગ્રી ધરાવુ છુ.છેલ્લા આશરે ૧૩ વર્ષથી મેડીકલ ઓફીસર તરીકે સીવીલ હોસ્પીટલ અમદાવાદમાં ફરજ બજાવુ છુ.તા.૨૮/૫/૧૫ ના રોજ હુ અમદાવાદ સીવીલી હોસ્પીટલ ખાતે ટ્રોમા સેન્ટરમાં મારી મેડી.ઓફીસર તરીકેની ફરજ ઉપર હાજર હતી ત્યારે જનરલ હોસ્પીટલ મહેસાણાની ટ્રાન્સફર ચીટ સાથે પટેલ રોહિતકુમાર અંબાલાલ ને સારવાર માટે લઇ આવેલા. તેમણે ઈતિહાસ આપેલ કે ,આજે સવારના ૧૦–૧૫ કલાકે સતલાસણા પેટ્રોલ પંપની સામે માથામાં લાકડીથી મારેલ અને પગ ઉપર તલવાર મારેલ.તેમને તપાસતાં તેઓ સંપુર્ણ સભાન હતા તેમના જમણા ઘુટણ

ઉપર આગળના ભાગમાં ૧૨ x ૮ સે.મીનો એબલ્જન ફલેપનો ઘા હતો જેમાથી અંદરના મસલ્સ એકસપોઝ હતા.માથા ઉપર કોઇ બાહ્ય ઈજાના નિશાન ન હતા.જમણા ઘુંટણ ઉપર ટેન્ડરનેસ હતુ.ક્રેપીટેશન હતા ડીફોરમીટી હતી અને નોર્મલ મુવમેન્ટ હતી.દર્દીનો મગજનો સીટી સ્કેન નોર્મલ હતો.દર્દીને જમણા ટીબીયા હાડકામાં ઓપન ફેકચર હતુ.જેના ઉપર ઓપરેશન કરવામાં આવેલ હતુ.આ દર્દીને તા.૨૮/૫/૧૫ ના રોજ ઓર્થોપેડીક ડીપાર્ટમેન્ટમાં ડૉ.એચ.પી.ભાલોડીયા સાહેબની સારવાર હેઠળ દાખલ કરવામાં આવેલ હતુ અને તા.૨/૬/૧૫ ના રોજ રજા આપવામાં આવેલી.આ ડૉકટર સાહેદ દ્વારા પટેલ રોહિતકુમારને આપવામાં આવેલ સારવારઅંગેનુ સર્ટીફીકેટ આંક-૭૦ થી અસલ કેસ પેપર અને એકસ-રે ફિલ્મ આંક-૭૧ થી અને આંક-૭૨ થી જનરલ હોસ્પીટલ મહેસાણાની ટ્રાન્સફરચીટ રજુ કરેલ છે અને મુદ્દામાલ આર્ટીકલ નં.૫,૬ ની લાકડી ,૭ નો ધોકો, ૨૨ અને ૨૩ ની તલવાર, ૨૫ ની લોખંડની પાઇપ,૨૬ ની લોખંડની ટોમી,૨૭ ની લાકડી અને ૨૯ નો લાકડાનો ધોકો જોઇને આ તમામ હથિયારથી ઈજા પામનારને જે ઈજાઓ થયેલ છે તે ઈજાઓ થઇ શકે તેમ અભિપ્રાય આપેલ છે.બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં કોઇ મહત્વનો વિરોધાભાસ પુરવાર થતો નથી.

આમ, ઉપરોકત મુજબ તમામ ડૉકટર સાહેદોની જુબાની તેમણે આપેલ સાહેદ રોહિતકુમાર પટેલ અને પટેલ મનોજકુમારને થયેલ ઈજાઓના સર્ટીફીકેટ ધ્યાને લેતાં ઈજા પામનાર રોહીતુકમાર પટેલ અને મનોજકુમાર પટેલને થયેલ ઈજાઓ પુરવાર થાય છે તેમજ આ ઈજાઓ તલવાર અને લાકડી અને લાકડાના ધોકા તેમજ લોખંડની પાઇપ,ઇંગલ અને ટોમીથી થયેલ હોવાનુ સ્પષ્ટપણે પુરવાર થાય છે.

(૧૭).ફરી.પક્ષે આ ગુનાની ફરીયાદ આપનાર મુકેશકુમાર કરસનભાઇ પટેલને સાહેદ

નં.૧૫ તરીકે આંક–૬૪ થી તપાસવામાં આવે છે તેમણે આંક–૬૫ ની ફરીયાદમાં સહી સિવાયની કોઇ હકીકતને સમર્થન આપેલ નથી જેથી તેમને હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે અને હોસ્ટાઇલ જાહેર કર્યા બાદની એ.પી.પી.શ્રી ની ઉલટતપાસમાં ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત જણાવેલ નથી.આ બનાવમાં પોતાને ઈજા થયેલ હોય કે સારવાર લીધેલ હોય તેવી હકીકતને પણ સમર્થન આપેલ નથી.જયારે બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ વાત કબુલ રાખેલ છે કે પોતે પહોચ્યો ત્યારે સો થી દોઢસો માણસોનુ ટોળુ હતુ અને કોના હાથમાં કયુ હથિયાર હતુ તે પોતે જોયેલ નહી અને ટોળામાંના માણસોને પોતે ઓળખી શકે નહી તેમજ કોણે કોને શુ મારેલ તે પોતે જોયેલ નહી અને કોણે શુ બોલેલ તે પોતે સાંભળેલ નથી.આમ,ફરીયાદીની જુબાનીથી ફરીયાદ પક્ષના કેસને સમર્થન મળતુ નથી.

(૧૮).ફરી. પક્ષે સાહેદ નં.૧૭ તરીકે આંક–૭૩ થી સુર્યકાન્ત પ્રભુદાસ પ્રજાપતિને તપાસવામાં આવેલ છે તેમણે પોતાને કોર્ટમાં સમન્સ મળેલ હોવાથી કોર્ટમાંથી નકલો મેળવી બનાવવાળી જગ્યાએ જઇ નકશો બનાવી આંક–૭૪ થી રજુ કરેલ હોવાનુ જણાવે છે આમ,આ સાહેદની જુબાનીથી આંક–૭૪ નો નકશો પુરવાર થાય છે પરંતુ તપાસ દરમ્યાન પોલીસ અધિકારીના જણાવવાથી બનાવેલ હોય તેવુ પુરવાર થતુ નથી.

(૧૯).ફરી.પક્ષે સાહેદ નં.૧૮ તરીકે આંક–૭૫ થી રમેશભાઇ ભલાભાઇ આહીર કે જેઓ તા.૨૮/૫/૧૫ ના રોજ સતલાસણા પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ તરીકે ફરજ બજાવતા હતા તેમને તપાસી આંક–૭૬ થી સ્ટેશન ડાયરીની નકલ અને આંક–૭૭ થી ગુનો દાખલ કરવા આપવામાં આવેલ રીપોર્ટ તેમજ આંક–૧૪ થી ડેપ્યુટ હુકમ રજુ થયેલ છે જે તમામ જુબાની અને દસ્તાવેજો ધ્યાને લેતાં ગુનો રજીસ્ટર થયાનુ પુરવાર થાય છે.

(૨૦).ફરી.પક્ષે આ ગુનામાં ઈજાપામનાર પટેલ રોહીતકુમાર અંબાલાલને સાહેદ નં.૧૯ તરીકે આંક–૭૯ થી તપાસવામાં આવેલ છે તેમણે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં પોતે તા.૨૮/૫/૧૫ ના રોજ એચ.ડી.એફ.સી બેન્કમાં કામ હોવાથી જવા નીકળેલો ત્યારે અમુક માણસોનુ ટોળુ ઉભુ હતુ ત્યાં તે લોકો સાથે પોતાને ઝગડો થયેલો તેમાં જપાજપી થયેલી અને તેમાં દસ થી બાર માણસોનુ ટોળુ હતુ તેમાં પોતાને માથામાં ડાબા હાથના બાવળા ઉપર પીઠ ઉપર અને જમણા પગના ઢીચણના નીચેનો ભાગ પતરૂ વાગવાથી કપાઈ ગયેલો ત્યારબાદ તેને હોસ્પીટલમાં લઈ ગયેલા અને મહેસાણા સીવીલ હોસ્પીટલમાં રીફર કરેલા તેવુ જણાવે છે આ કામના આરોપીઓએ તેમની પાસેના હથિયારો જેવા કે તલવાર અને લાકડી,લોખંડની પાઇપ જેવા હથિયારોથી આ સાહેદને ઈજા કરેલ હોય તેવી હકીકતને સમર્થન આપતા ન હોવાથી તેમને હોસ્ટાઇલ જાહેર કરવામાં આવે છે અને ત્યારબાદ એ.પી.પી.શ્રી દ્ધારા કરવામાં આવેલ ઉલટતપાસમાં ફરીયાદ પક્ષના કેસને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવેલ નથી.બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એવુ જણાવેલ છે કે સામાન્ય બોલાચાલી થયેલી તેમાં લોકોનુ ટોળુ ભેગુ થઇ ગયેલ જેથી તેમાં કોણ કોણ હતા તે ઓળખી શકે નહી.આમ,આ નજરે જોનાર અને ગંભીર ઈજા પામનાર સાહેદ ફરી.પક્ષના કેસને સમર્થન આપતા ન હોવાથી ફરીયાદ પક્ષનો કેસ પુરવાર થતો નથી.

(૨૧).ફરી.પક્ષે સાહેદ નં.૨૦ તરીકે આંક–૮૦ થી ભરતભાઈ કરસનભાઈ પટેલ સાહેદ નં.૨૧ તરીકે આંક–૮૧ થી ડેનીકુમાર દિપકભાઇ પટેલ,સાહેદ નં.૨૨ તરીકે આંક–૮૨ થી જતીનકુમાર દેવાભાઈ પટેલ સાહેદ નં.૨૩ તરીકે આંક–૮૩ થી મનોજકુમાર ઉર્ફે ધોની બેચરભાઇ પટેલ, સાહેદ નં.૨૪ તરીકે આંક–૮૪ થી પ્રવિણભાઇ બાબુભાઇ પટેલ,સાહેદ નં.૨૭ તરીકે આંક–૯૨ થી નિરવકુમાર દશરથભાઈ પટેલ ને તપાસવામાં આવેલ છે જે તમામ નજરે જોનાર સાહેદો છે

અને તેમણે પોતાની સોંગદ ઉપરની જુબાનીમાં સરતપાસમાં એવુ જણાવેલ છે કે તા.૨૮/૫/૧૫ ના રોજ સતલાસણા અંબાજી હાઇવે ઉપર બાલાજી કોમ્પલેક્ષ પાસે એચ.ડી.એફ.સી બેન્ક આગળ હતા ત્યારે તે વખતે ગામના પટેલો અને દરબારોનુ મોટુ ટોળુ હતુ તેમાં ધક્કામુક્કી થયેલી જેમાં રોહીતભાઇને અને જતીનભાઇને  અને મનોજભાઇને ઈજા થયેલી તેવુ જણાવે છે પરંતુ તે હકીકતને સમર્થન આપતા નથી કે બનાવ વખતે આ કામના આરોપીઓ તલવાર,પાઇપ અને લાકડીઓ લઇને આવેલ હોય અને ઈજાપામનારાઓને ગંભીર અને સાદી ઈજાઓ કરેલ હોય.આ તમામ સાહેદો ફરી.પક્ષના કેસને સમર્થન આપતા ન હોવાથી તેમને હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે અને ત્યારબાદ એ.પી.પી.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં કોઈ મહત્વની હકીકતને સમર્થન આપેલ નથી જ્યારે બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં બનાવવાળી જગ્યાએ ઘણા માણસો ભેગા થઇ ગયેલા અને તેમાં ધક્કામુક્કી થવાથી ઈજા પામનારાઓને ઈજાઓ થયેલી તેવુ જણાવે છે.જ્યારે સાહેદપટેલ કમલેશ કુમાર શંકરભાઇ આંક-૯૫ થી તપાસવામાં આવે છે તે પોતાની સોંગદ ઉપરની જુબાનીમાં એવુ જણાવે છે કે તા.૨૮/૫/૧૫ ના રોજ હુ મારા ઘરે હતો તે વખતે સવારે મને કોઇકનો ફોન આવેલ અને કહેલ કે ચેતના પાર્લર પાસે પટેલો અને દરબારો વચ્ચે ઝગડો થયેલ છે અને પટેલ રોહીતભાઇનો પગ કપાઇ ગયેલ છે તેવા સમાચાર મળતાં હુ મારા ઘરેથી ચાલતો સીવીલ હોસ્પીટલમાં ગયેલો મને જાણવા મળેલ કે રોહીતને તથા બીજા ઘણા માણસોને વાગેલ હોવાથી રોહીતને જમણા પગે વધુ ઈજા થયેલ હોય સતલાસણાથી મહેસાણા સીવીલ હોસ્પીટલમાં ટ્રાનસફર કરેલ છે તે પછી બનાવની વિગત મે વાતોવાતથા જાણેલી.આ ઝગડામાં પટેલ રોહીતને જમણા પગે કુલદીપસિહ અને સમ્રાટસિહેતેમની પાસેની તલવારોથી મારી આડેધડ ઈજાઓ કરી ઢીચણમાંથી પગ કાપી નાખેલો

અને આ રોહીતને છોડાવવા માટે વચ્ચે પડેલ પટેલ ભરતભાઈ કરશનભાઈ તથા મુકેશભાઈ કરશનભાઈને ગજેન્દ્રસિહ ચૌહાણ તથા પિન્ટુસિહ બાબુસિહ,બકુલસિહ વખતસિહ તથા સુરેન્દ્રસિહ ઉર્ફે સુરભા તથા ચેતનસિહ કોઠાસણવાળા તથા બીજા સાતથી દસ જેટલા માણસોએ લોખંડની ટોમી તથા પાઇપ તથા ઇંગલ તથા લાકડીઓથી માર મારેલાનુ મે જાણેલ હતુ.પરંતુ જયારે નજરે જોનાર સાહેદો અને ઈજા પામનારા સાહેદો તેમજ ફરીયાદી બનાવને સમર્થન આપતા ન હોય ત્યારે આ સાહેદની સાંભળેલી હકીકત ઉપરથી આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી.

(૨૨).સાહેદ રોનક ભુપેન્દ્રકુમાર જોષીને આંક-૮૬ થી તપાસવામાં આવેલ છે તેમણે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં ફરી.પક્ષના કેસને કોઇપણ જાતનુ સમર્થન આપેલ નથી અને પોતે કોઇ દરબારો સાથેના ગૃપમાં જોડાયેલ હોય તેવી હકીકતને સમર્થન આપેલ નથી જ્યારે ફરી.પક્ષે સાહેદ કમલેશકુમાર શંકરભાઇને આંક-૯૫ થી તપાસવામાં આવેલ છે જે પોતાની જુબાનીમાં સરતપાસમાં એવુ જણાવે છે કે તે પછી હુ પટેલવાડીમાં જીતુભાઇ પસાભાઇ પટેલના ત્યાં શ્રીમંતનો પ્રસંગ હોવાથી ત્યાં આગળ જમણવારમાં ગયેલો અને ત્યાં વાડીમાં અમારા કુટુંબના અને સમાજના તથા બીજા આશરે સો થી બસો માણસો શ્રીમંતના પ્રસંગમાં સગાસંબંધીઓ સાથે આવેલ હતા અમો બધા જમીને પટેલવાડીમાં બેઠા હતા તે વખતે મને અમારા ગામના પટેલ મેહુલભાઇ સર્વિસ સ્ટેશનવાળા મારી પાસે આવેલા અને મને વાત કરેલી કે આજે સવારના એચ.ડી.એફ.સી બેંક નજીક ચેતના પાર્લર સામે પટેલો અને દરબારો વચ્ચે ઝગડો થયેલો અને રોહીતને જમણા પગે તલવાર વાગેલી તે બાબતે ગઇ કાલ રાત્રે મોબાઇલ ફોન બાબતે ઝગડો થયેલો તે પછી આજે ઝગડો કરવા બાબતમાં એડવાન્સ પ્લાન નક્કી કરેલ તે બાબતમાં વોટ્સએપમાં મોજગૃપમાં જોડાયેલ

સભ્યોમાં આ ઝગડો કરવા માટે મેસેજો કરેલા અને હુ આ ગૃપમાં જોડાયેલ હોવાથી મારા મોબાઇલમાં તમામ મેસેજ આવેલ જે આ ઝગડાના અનુસંધાને તથા બિભત્સ વર્તનવાળા મેસેજો મે વાંચેલા તેવી વાત મને કરેલી અને મે આ મેસેજો વાંચેલા જેમાં ખુબજ ખરાબ પ્રકારના મેસેજો તથા ઈમેજ પણ હતી અમારા પટેલ જાતિ ઉપર કરેલા હોય જેથી આ મેહુલના મોબાઇલ ફોનમાંથી મે આ મોજ ગૃપમાં થયેલ મેસેજોની આપ લે થયેલ તેની પ્રિન્ટ આઉટ નકલો કાઢીને મેહુલે આપેલી જે પોલીસને રજુ કરેલી અને આ બનાવ મોબાઇલફોનની લેવડદેવડ અનુસંધાને પટેલો અને દરબારો વચ્ચે ઝગડો થયેલો તેના અનુસંધાને તા.૨૭/૫/૧૫ ના રોજ રાતના વખતે મોજગૃપમાં જોડાયેલ સભ્યો પૈકી યુવરાજસિહ ચૌહાણે તેના મોબાઇલ નંબર ૯૪૨૬૨૩૨૬૪૨ ઉપરથી તથા મનિષભાઇ ચૌધરી રહે.સૈજપુરવાળા પણ મોજગૃપના સભ્ય હોવાથી તેનો મોબાઇલ નં.૯૯૦૯૪૩૬૦૦૫ ઉપરથી આ ઝગડા અનુસંધાનમાં પટેલોને મારવા અંગે દરબારોને ઉશ્કેરણીજનક તથા બિભત્સ વર્તનવાળા મેસેજો મોકલેલ હોવાના કારણે પટેલો અને દરબારો વચ્ચે મારામારીનો બનાવ બનેલ છે.આંક–૯૩ અને ૯૪ બતાવવામાં આવતાં તે મેસેજોની પ્રિન્ટ પોલીસને પોતે આપેલ તે જ હોવાનુ જણાવે છે જ્યારે આ ગુનાની તપાસ કરનાર એસ.ઓ.જી પી.આઇ જીગ્નેશભાઇ સોમાભાઇ ચાવડા પોતાની સોગંદ ઉપરની જુબાની આંક–૧૪૫ માં એવુ જણાવે છે કે પોતે મનીષ હરીશભાઇ પાસેથી મોબાઇલ ફોન કબજે લીધેલ અને મોબાઇલમાં વોટસએપની તપાસ કરતાં તેમાં બનાવ પહેલાં આરોપીઓ ભેગા થવા બાબતે તેમજ એક ચોક્કસ જાતિ વિષે અસભ્ય લખાણ લખેલ હોય જેના સ્ક્રીન શોટ લીધેલ અને આંક–૯૩ અને ૯૪ ના મેસેજ લીધેલ અને આ મેસેજો આરોપી મનિષભાઇ ચૌધરીના મોબાઇલમાંથી લીધેલ હોવાનુ જણાવે છે આમ, આ બંને જુબાનીઓ પરસ્પર વિરોધાભાસી છે.આ આંક–૯૩

અને ૯૪ થી રજુ થયેલ મેસેજોની પ્રિન્ટ ઇલેક્ટ્રોનીકસ એવીડન્સ હોવાથી પુરાવાના કાયદાની કલમ-૬૬(બી) મુજબનુ સર્ટીફીકેટ હોવુ જરૂરી છે પરંતુ ફરીયાદ પક્ષે આવુ કોઇ સર્ટીફીકેટર રજુ થયેલ નથી જેથી સાહેદ કમલેશકુમાર અને તપાસ કરનાર અધિકારી જીગ્નેશકુમારની જુબાની આધારે આરોપીઓને આઇ.ટી.એકટની કલમ મુજબ તકસીરવાન ઠરાવી શકાય નહી.

(૨૩).ફરી.પક્ષે સાહેદ નં.૨૯ તરીકે આંક-૧૦૦ થી મોઘજી ભાઇ રામજીભાઇ ગામેતી પી.એસ.આઇને તપાસવામાં આવે છે તેમણે આ ગુનાની શરૂઆતની તપાસ કરેલ છે તેમણે આંક-૪૮ નુ ડીસ્કવરી પંચનામુ પોતાના રૂબરૂ કરવામાં આવેલ હોવાનુ જણાવેલ છે પરંતુ આ પંચનામાના પંચો હોસ્ટાઇલ થયેલ છે અને આ તપાસ કરનાર અધિકારીએ આંક-૪૮ ના ડીસ્કવરી પંચનામાની તમામ હકીકતો પુરવાર કરેલ ન હોવાથી તે આધારે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી.

(૨૪).ફરી. પક્ષે સાહેદ નં.૩૦ તરીકે આંક-૧૪૧ થી ફરીયાદીની ફરીયાદ લેનાર અને ગુનાની તપાસ કરનાર સતલાસણા પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ દિનેશકુમાર મોહનલાલ ચૌહાણને તપાસવામાં આવે છે તેમણે પોતાની સોંગદ ઉપરની જુબાનીમાં આંક-૬૫ ની ફરીયાદની હકીકતો પુરવાર કરી તેમાં પોતાની અને ફરીયાદીની સહીઓ ઓળખી બતાવેલ છે પરંતુ જયારે ફરીયાદી આ ફરીયાદની હકીકતોને સમર્થન આપતા ન હોય ત્યારે આ અધિકારીની જુબાની આધારે આરોપીઓને ગુનામાં સંડોવી શકાય નહી.

(૨૫).ફરી.પક્ષે સાહેદ નં.૩૧ તરીકે આંક-૧૪૫ થી આં ગુનાની વધુ તપાસ કરનાર એસ.ઓ.જી પી.આઇ જીગ્નેશભાઇ સોમાભાઇ ચાવડાને તપાસવામાં આવેલ છે તેમણે પોતાની સોંગદ ઉપરની જુબાનીમાં તેમના રૂબરૂ તેઓની તપાસ દરમ્યાન

કરવામાં આવેલ પંચનામાઓ અને સાહેદોના નિવેદનોને સમર્થન આપેલ છે.તેમણે તા.૧૫/૬/૧૫ ના રોજ ડીસ્કવરી પંચનામુ કરેલ હોવાનુ જણાવેલ છે પરંતુ આ ડીસ્કવરી પંચનામાના પંચોએ સમર્થન આપેલ ન હોય ત્યારે માત્ર આ પોલીસ અધિકારીની જુબાની આધારે પંચનામુ પુરવાર થયાનુ અનુમાન કરી શકાય નહી. વળી આ તપાસ કરનાર અધિકારીએ પંચનામાની તમામ હકીકતો પુરવાર કરેલ નથી અને આરોપીઓના નિર્દેશ મુજબ તેમણે આપેલ માહિતી આધારે મુદ્ધામાલ હથિયારો અને ગાડી મળી આવેલ હોય તેવી હકીકત પુરવાર થતી નથી.

(૨૬).ફરી.પક્ષે જે તપાસ કરનાર અધિકારીઓને તપાસવામાં આવેલ છે તેમની જુબાનીથી તેમણે સાહેદોના નિવેદન લીધેલ હોવાની હકીકત પુરવાર થાય છે પરંતુ જયારે આ નિવેદન આપનાર સાહેદોએ સમર્થન આપેલ ન હોય ત્યારે માત્ર તપાસ કરનાર અધિકારીઓની જુબાની આધારે આરોપીઓને ગુનામાં સંડોવી શકાય નહી.

આ કામે ઈજા પામનાર રોહીતકુમાર અને મનોજકુમારે ડૉકટર રૂબરૂની હીસ્ટ્રીમાં આ કામના આરોપીઓએ તલવાર અને ધોકા વડે ઈજાઓ કરેલ હોવાનુ જણાવેલ છે પરંતુ આ ઈજાપામનાર સાહેદોએ ડૉકટરને આવી કોઇ હીસ્ટ્રી આપેલ હોય તેવી હકીકતને સમર્થન આપેલ નથી જેથી પણ આરોપીઓને ગુનામાં સંડોવી શકાય નહી.

ફરી.પક્ષે આંક-૧૧૭, ૯૩ અને ૯૪ થી વોટસએપ મેસેજોની કાગળ ઉપર લેવામાં આવેલ પ્રિન્ટ રજુ થયેલ છે અને આ મોજગૃપની માહિતી આપવા અંગે આંક-૧૩૬ અને ૧૩૭ ના દસ્તાવેજો રજુ થયેલ છે જેમાં આંક-૧૩૭ વંચાણે લેતાં તેની પ્રોવાઇડર કંપની યુ.એસ.માં આવેલ હોવાનુ નોધવામાં

આવેલ છે જેથી ત્યાં સંપર્ક કરીને તેની માહિતી લેવાનુ જણાવવામાં આવેલ છે. ફરી.પક્ષે આ ગૃપના એડમીન અંગે તપાસ કરીને તે અંગે પુરાવો રજુ કરવામાં આવેલ નથી વળી જે આરોપી પાસેથી મોબાઇલ કબજે લીધેલ તે આરોપીના મોબાઇલના ડેટા સાથે કોઇ ચેડા થયેલ નથી તે બાબતનુ પુરાવાના કાયદાની કલમ–૬૫(બી) મુજબનુ સર્ટીફીકેટ રજુ થયેલ નથી.આમ,ફરીયાદ પક્ષ દ્ધારા આરોપીઓ સામે એવો આક્ષેપ હતો કે તા.૨૭–૦૫–૧૫ ના રોજ આરોપી ચૌહાણ ગજેન્દ્રસિહ મદનસિહે મોબાઇલના ઝગડામાં પટેલોએ માર મારેલો જે બાબતે સતલાસણા પોલીસ સ્ટેશનમાં સે.ગુ.રનં.૪૬/૧૫ થી ગુનો રજીસ્ટર થયેલો.જેમાં આરોપીઓ તરીકે પટેલ હતા અને ઈજાપામનાર તરીકે આરોપી ગજેન્દ્રસિહ મદનસિહ હતા અને આરોપી ચૌહાણ યુવરજસિહ નટવરસિહ વિસનગર શહેર પોલીસ સ્ટેશનમાં લોકરક્ષક તરીકે ફરજ બજાવતા હતા અને આરોપી મનિષભાઇ મહેશભાઇ ચૌધરીનાએ પોતાના મોબાઇલ ફોન ઉપર મોજ ગૃપમાં જોડાયેલ સભ્યોને હાલના કેસના ફરીયાદી મુકેશભાઇ તથા સાહેદોને માર મારવા માટે ઈરાદાપુર્વકની ગેરકાયદેસર પ્રવૃતિ માટે કાવત્રુ રચવાના ઈરાદે ઉશ્કેરણીજનક તથા અશ્લીલ મેસેજો કરેલા જેથી આરોપીઓએ તા.૨૦/૫/૧૫ ના રોજ સવારના દસ વાગ્યાના સુમારે મોજે સતલાસણા ટાઉનમાં આવેલ ચેતના પાર્લર એચ.ડી.એફ.સી બેન્ક આગળ ખુલી જગ્યાએ પટેલ રોહિતકુમાર અંબાલાલ તથા મનોજકુમાર બેચરભાઇ પટેલ આવેલ હતા અને ફરીયાદી પોતાનુ મોટરસાયકલ લઇ પોતાના મોટા ભાઇ ભરતભાઇ સાથે પસાર થતા હતા ત્યારે આરોપી કુલદિપસીહ મહોબતસીહે હાથમાં તલવાર,આરોપી સમ્રાટસિહ સન/ઓ પરબતસિહ હાથમાં તલવાર,આરોપી નરેન્દ્રસિહ ઉર્ફે પિન્ટુસિહ બાબુસિહના હાથમાં લોખંડની ઇંગલ અને આરોપી બકુલસિહ વખતસિહે હાથમાં લોખંડની ટોમી લઇ રોહીતકુમાર તેમજ મનોજકુમારની સાથે ઝગડો કરી માર

મારેલ ત્યારે ફરીયાદી અને તેના ભાઈ આ મારમાંથી બચાવવા વચ્ચે પડતાં આરોપી કુલદિપસિહ મહોબતસિહે પોતાના હાથમાંની તલવારથી રોહિતકુમારને મારી નાખવાના ઈરાદે ગર્દન ઉપર મારવા જતાં તે ખસી જતાં તેમના જમણા પગના ઢીંચણ ઉપર તલવારનો ઘા કરતાં તેમનો જમણો પગ ઢીંચણથી કપાઇ ગયેલ તેમજ આરોપી કુલદીપસિહ,ગજેન્દ્રસિહ મદનસિહ અને સમ્રાટસિહનાઓએ પણ પોતાની પાસેના હથિયારો વડે મનોજકુમારને નીચે પાડી બરડાના તથા પીઠના ભાગે માર મારેલ અને આરોપી બકુલસિહે તેના હાથમાંની ટોમી પટેલ મનોજકુમારના ડાબા હાથે મારેલી અને આરોપી ગજેન્દ્રસિહ મદનસિહે તેના હાથમાંની લોખંડની પાઇપ ફરીયાદીના માથાના પાછળના ભાગે મારેલી અને ફરીયાદીના ભાઈ ભરતભાઈને આરોપી નરેન્દ્રસિહ ઉર્ફે પિન્ટુસિહે તેના હાથમાંની ઇંગલથી બંને પગે તથા બંને હાથ ઉપર તથા બરડાના ભાગે માર મારેલ અને બિભત્સ ગાળો બોલી ફરીયાદીના ભાઇ ભરતભાઈ કરસનભાઈ પાસેથી આરોપી ગજેન્દ્રસિહે બાઇકની ચાવી અને સેમસંગ કંપનીનો મોબાઇલ કિ.રૂ.૩૦૦૦/- નો પડાવી લઇ ઈજા પામનારાઓને તેમજ ફરીયાદીને ગંભીર અને સાદી પ્રાણઘાતક ઈજાઓ પહોચાડી તેમજ આરોપી ચૌહાણ કેતનસિહ અર્જુનસિહે સાહેદ ભરતભાઇ કરસનભાઈને લાકડીથી અને આરોપી નિતેશભાઇ રાવળ,હરેશ ઉર્ફે રામચંદ્ર ભારથી ગોસ્વામીનાઓએ સાહેદ પટેલ મનોજભાઈને લાકડીથી બરડામાં માર મારી અને આરોપીઓએ છુટા પથ્થર મારી પ્રાણઘાતક હથિયારો સાથે ફરીયાદી અને સાહેદોને જાનથી મારી નાખવાના ઈરાદે હુમલો કરવા ગેરકાયદેસર મંડળી રચી ફરીયાદી અને સાહેદોને સાદી અને ગંભીર ઈજાઓ તેમજ મોત નીપજાવવાના ઈરાદે ઈજાઓ કરી ઇ.પી.કો.કલમ-૧૨૦(બી) ૩૯૭, ૩૦૭, ૩૩૭, ૩૨૩ અને આઇ.ટી એકટની કલમ-૬૬(એ) તેમજ ૬૭ મુજબનો અને

બનાવ વખતે જીલ્લા મેજી.નુ જાહેરનામુ અમલમાં હોઈ તેનો ભંગ કરી જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબના ગુનાઓ કરેલ પરંતુ ફરીયાદ પક્ષે રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતાં ફરી.પક્ષ આરોપીઓ સામે પોતાનો કેસ નિશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ જતા હોય મુદ્દાનં.૧ થી ૨નો જવાબ "નકારમાં" આપવામાં આવે છે અને બનાવ વખતે આ કામના આરોપીઓએ જીલ્લા મેજી.શ્રીનુ હથિયારબંધીનુ જાહેરનામુ અમલમાં હોવાછતાં બનાવ સમયે તલવાર,લોખંડની પાઇપ-ઈંગલ-ટોમી,લાકડીઓ,ધોકા જેવા મારક હથિયારો ધારણ કરેલ હોવાનો આક્ષેપ કરવામાં આવેલો છે પંરતુ આરોપીઓના હાથમાં આવા હથિયારો હોવાનુ તેમજ તેમણે જાહેર સુલેહ શાંતિને ભંગ કરેલ હોય તેવુ પુરવાર થતુ નથી. રેકર્ડ ઉપર આંક-૧૨૧ થી જાહેરનામાની નકલ રજુ થયેલ છે, પરંતુ બનાવ સમયે તેવુ જાહેરનામુ દાંડી પીટીને પ્રસિધ્ધ કરવામાં આવેલ છે તેમજ સદર જાહેરનામાની જાહેર જનતાને ખબર હતી તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી તેમજ બનાવ સમયે તેવુ જાહેરનામુ અમલમાં હતુ કે કેમ? તે સંબંધે કોઇ સક્ષમ અધિકારીનો પુરાવો પણ આ કામે રજુ કરેલ નથી. આ કામે તપાસવામાં આવેલ ફરીયાદી તથા સાહેદોની જુબાનીમાં આરોપીઓએ હથિયાર ધારણ કરેલાની હકીકતને સમર્થન મળતુ ન હોઈ તેમજ મારક હથિયાર કબજે કર્યાના પંચ સાહેદ પણ તેઓ રૂબરૂ કરવામાં આવેલ પંચનામાની હકીકતોને સમર્થન કરતા ના હોઇ આરોપીઓએ જીલ્લા મેજી. શ્રીના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરેલ હોય તેવી હકીકત ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી જેથી મુદ્દા નં.૩ નો જવાબ "નકારમાં" આપવામાં આવે છે અને મુદ્દા નં.૪ અંગે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

// હુકમ //

- આરોપી નં.૧ કુલદીપસિહ s/o મહોબતસિહ રણછોડસિહ ચૌહાણ,આરોપી

નં.૨ ગજેન્દ્રસિહ S/O મદનસિહ વખતસિહ ચૌહાણ,આરોપી નં.૩ સમ્રાટસિહ S/O પરબતસિંહ મોહનસિંહ ચૌહાણ,આરોપી નં.૪ નરેન્દ્રસિહ ઉર્ફે પિન્ટુસિંહ S/O બાબુસિહ ગંભીરસિંહ ચૌહાણ, આરોપી નં.૫ ભુપેન્દ્રસિંહ ઉર્ફે બકુલસિંહ S/O વખતસિંહ તખતસિંહ ચૌહાણ,આરોપી નં.૬ ચેતનસિંહ S/O અર્જુનસિંહ કુંવરસિંહ ચૌહાણ,આરોપી નં.૭ મનીષકુમાર S/O મહેશભાઇ દોલાભાઇ ચૌધરી,આરોપી નં.૮ સુરેન્દ્રસિહ S/O અંદરસિંહ ચૌહાણ, આરોપી નં.૯ નીતેષ S/O ગીરીશભાઇ કાન્તીલાલ ચૌહાણ,આરોપી નં.૧૦ હરેશ ઉર્ફે લખન S/O રામચંદ્રભારથી ગોસ્વામી,આરોપી નં.૧૧ વિરેન્દ્રસિંહ ઉર્ફે વીકી S/O શૈલેન્દ્રસિહ ચૌહાણ,આરોપી નં.૧૨ વિરેન્દ્રસિંહ ઉર્ફે કાળુભા S/O નટવરસિંહ ચૌહાણ,આરોપી નં.૧૩ ચૌહાણ ઈન્દ્રસિંહ નરેન્દ્રસિંહ,આરોપી નં.૧૪ ચૌહાણ યુવરાજસિંહ નટવરસિંહનાઓને, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫ (૧) મુજબ, સતલાસણા પોલીસ સ્ટેશન ફ.ગુ.રજી. નં. ૨૮/૧૫, ઈ.પી.કો.કલમ–૧૨૦(બી) ૩૯૭, ૩૦૭, ૩૩૭, ૩૨૩ અને આઇ.ટી એકટની કલમ–૬૬(એ) તેમજ ૬૭ તથા જી.પી. એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાના કામેથી શંકાનો લાભ આપી છોડી મુકવામાં આવે છે.

- આજ રોજ મજકુર ઠરાવ સામે નામદાર ગુજરાત હોઈકોર્ટમાં અપીલ થવાના પ્રસંગે આરોપીઓ પાસેથી ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ની કલમ–૪૩૭(એ) મુજબ દરેક આરોપીએ રૂ.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર) ના જામીન તેમજ તેટલી જ રકમના જાતમુચરકા રજુ કરવા હુકમ કરવામાં આવે છે.
- આ ઉપરાંત આરોપીઓએ આ કોર્ટની પરવાનગી વગર ગુજરાત રાજયની હદ છોડવી નહી તેમજ પાસપોર્ટ તાત્કાલીક જમા કરાવી દેવો.
- આરોપીઓએ પોતાના સરનામા, કોન્ટેકટ નંબર સાથે દિન–૭ માં રજુ કરવા

હુકમ કરવામાં આવે છે.

- મુદ્દામાલ આ.નં.૪ નો મોબાઈલ આ કામના આરોપી નિતેશ ઉર્ફે નીતીશ ગીરીશભાઈ ચૌહાણને અપીલ સમય બાદ પરત કરવો. મુ.આ.નં.૨૧ ની કાર અંગે કરવામાં આવેલ વચગાળાનો હુકમ કાયમ કરવામાં આવેલ છે.મુદ્દામાલ આ.નં.૨૮ નો મોબાઈલ આ કામના આરોપી ચૌહાણ યુવરાજસિંહ નટવરસિંહને અપીલ સમય બાદ પરત કરવો. મુ.આ.નં.૨૨ અને ૨૩ ની તલવાર તથા મુ.આ.નં.૨૪ ની લોખંડની એંગલો અપિલ સમય વીતે જાહેર હરાજ કરી ઉપજેલ નાણાં સરકાર જમા કરાવવા તથા બાકીને મુદ્દામાલનો અપિલ સમય વિતે નાશ કરવો.

હુકમ આજરોજ તા.૧૨ માહે જાન્યુઆરી સને ૨૦૧૭ ના રોજ ખુલી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ– ૧૨/૦૧/૨૦૧૭.
સ્થળ – વિસનગર.

( પ્રકાશચંદ્ર સમરતાભાઈ કાલા )
Code No.GJ–004 ૩૬
બીજા એડીશનલ સેશન્સ જજ,
મહેસાણા,મુ.વિસનગર.